@ગાંધીનગર

● બ્રહ્માકુમારીઝ દ્વારા સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૧૯ જીમખાના ખાતે સ્માર્ટ લીવીંગ ઈન સ્માર્ટ સીટી અંગે ટોક શૉ યોજાશે.

● સંસ્કૃત ભારતી દ્વારા સવારે ૯ કલાકે સેકટર-૧૨ ઉમા ભવન ખાતે પ્રાંતિય અધિવેશનનું ઉદઘાટન કરાશે.

● શ્રી હવેલી પરગણા વણકર સમાજ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે સેકટર-૭ લગ્નવાડી ખાતે સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે.

● સે-૨૮, ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે સવારે ૮ થી ૫ કલાક દરમિયાન ગુરુલીલામૃત એક દિવસીય પારાયણ યોજાશે. આ ઉપરાંત સાંજે ૭ કલાકે દત્ત ભગવાનનો જન્મ મહોત્સવ યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૯ કલાકે કથા શ્રવણ, બપોરે ૨.૩૦ કલાકે મહિલા સશકિતકરણ કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગરના જાણીતા કલાકાર રાજેશ મહડુના સવારે ૭.૧૫ કલાકે આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી સુગમ સંગીતના કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી ગઝલો રજુ કરાશે.

- નજાહખાનમ સૈયદ

ગાંધીનગર આસપાસ ત્રણ ગમખ્વાર અકસ્માત : ૪નાં મોત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર ઉપરાંત તાલુકામાં સમાવિષ્ટ અલગ અલગ બે સ્થળો મળી ત્રણ વિવિધ ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં ચાર વ્યકિતઓના મૃત્યુ નિપજયા હોવાનું ધ્યાને આવ્યું છે. મંગળવારની રાત્રે ગાંધીનગર શહેરના છ-૫ સર્કલ નજીક બાઈક ડીવાઈડર પર ચઢી જતા સર્જાયેલા અકસ્માતમાં બે યુવાનોને મોત ભરખી ગયું હતું. જયારે પ્રાંતિયા-લવારપુર હાઈવે પર ટ્રક રોડ પરથી ઉતરીને ઝાડ સાથે ટકરાઈ જતાં ડ્રાઈવર મોતને ભેટયો હતો. મંગળવારની રાત્રે ત્રણ વ્યકિતના મૃત્યુ બાદ આજે સવારે એક વૃધ્ધનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. જેમને ૧૬ ડિસેમ્બરે રિક્ષા પલ્ટી ખાતા અકસ્માત નડયો હતો.

મળતી માહિતી મુજબ ગઈ કાલે મંગળવારની રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં મુળ રાજસ્થાનનો અને હાલ સેકટર-૨ શાકમાર્કેટ પાસે રહેતો ૨૪ વર્ષીય મુકેશ ભીખાજી ભીલ અને ૨૪ વર્ષીય પ્રકાશ ચુનીલાલ ભીલ બંને બાઈક નં. આરજેડી ૧૮ એએચ ૨૨૫૦ લઈને છ-૫ સર્કલ તરફથી પસાર થઈ રહ્યા હતા. સે-૨૧ શાકમાર્કેટથી બોરીજ તરફ બાઈક લઈને જઈ રહેલા બંને યુવાનોને છ-૫ સર્કલ નજીક જબરદસ્ત અકસ્માત નડયો

છ-૫ સર્કલ પાસે રાત્રે બાઈક ડીવાઈડર પર ચઢી જતા બે યુવાનોના મોત : પ્રાંતિયા-લવારપુર હાઈવે પર રાત્રે ઝાડ સાથે ટ્રક ટકરાતા ડ્રાઈવરનું મોત : રિક્ષા પલ્ટીમાં ઘવાયેલા એક વૃધ્ધનું મોત નિપજયુ

હતો. બાઈક ડીવાઈડર સાથે ટકરાઈને ઝાડમાં ઘુસી જતા મુકેશ ભીમાજી ભીલનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું.જયારે ગંભીર રીતે ઘવાયેલા તરફડીયા મારી રહેલા પ્રકાશ ભીલને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં રાત્રે બે વાગ્યાના અરસામાં તેનું પણ સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પ્રકાશ ભીલના પિતરાઈભાઈ મુકેશ બાબુલાલ ભીલની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.જી. યાદવે વધુ તપાસ શરુ કરી છે. તો બીજી તરફ ગઈ રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં નેશનલ હાઈવે નં. ૮ પ્રાંતિયા-લવારપુર હાઈવે પર બેફામ જતી ટ્રક નં. જીજે-૨૭ યુ ૮૫૧૮ શ્રીનાથ હોટલ સામે ઝાડ સાથે ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ૪૫ વર્ષીય પપ્પુસિંગ કાલુચરણ રાજપુતનું સ્થળ પર કરૂણ મોત નિપજયું હતું. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગઈ રાત્રે સર્જાયેલા આ બે અકસ્માતોમાં ત્રણના મૃત્યુ ઉપરાંત ૧૬મી ડિસેમ્બરે કોટેશ્વર નજીક રિક્ષા પલ્ટી ખાતા એક જ પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયાનો કિસ્સો બનવા પામ્યો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા ચાંદખેડાના રહેવાસી ૫૯ વર્ષીય શ્યામબાબુ રાણાનું આજે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ગાંધીનગર તાલુકા વિસ્તારમાં સર્જાયેલા ત્રણ વિવિધ અકસ્માતોમાં ચારના મૃત્યુ થવા પામ્યા હતાં.

વાતવાતમાં

● સરકારની સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ માટેનો દિવસ હોવાથી સચિવાલય ખાતે વાહનોની સંખ્યામાં વધારો નોંધાયો હતો. હાલના સંજોગોમાં સરકારી કે બિન સરકારી દરેક વાહનો ફરજિયાત ચેક કરવાનો આદેશ હોવાથી સચિવાલયના એન્ટ્રી ગેટ પર વાહનોની લાંબી લચક લાઈનો જોવા મળી હતી.

● ઘ-૪ સર્કલે છેલ્લા બે દિવસથી વેગનઆર કારમાં એક વેપારી દ્વારા ચશ્મા ગોગલ્સનું વિતરણ કરાઈ રહ્યું છે. આમ તો ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યું હોઈ ગોગલ્સની માંગ વધુ રહે છે પરંતુ જે રીતે વેગનઆર કારને ચોતરફ ફલેક્ષ બોનર્સથી સજાવાયેલી હોય છે તે જોતા દબાણ તંત્રની ઘોંસ સામે વેપારીનો ચિંતામુકત ધંધો કરવા માટે નવો કિમિયો હોય તેવું પણ ભાસે છે.

● ઘ-દોઢ પાસે ચારેક વાગ્યાના સુમારે પોતાનું સ્કુટર લઈ રોડની એક તરફ ઉભેલા યુવાનને અચાનક ડાફોળિયા મારી કાર હંકારતો ચાલક ટકકર મારી ભાગી છુટયો હતો. સદભાગ્યે યુવાનને સામાન્ય ઈજાઓ જ થઈ હતી તેથી તુરંત જ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

● સે-૬ના શોપીંગ સેન્ટર નજીકથી એક સ્કુલ ગર્લ તેની સાયકલ લઈને પસાર થઈ રહી હતી ત્યારે એક છોકરો પોતાનું ગીયરલેસ સ્કૂટર લઈને તેની પાસે આવ્યો હતો. બંને વચ્ચે થોડીક વાતચીત બાદ પેલા છોકરાએ પોતાનું સ્કૂટર બાળાને ચલાવવા આપ્યું પરંતુ ઘણીવાર થવા છતાં બાળા પરત ના ફરતા છોકરો તેની સાયકલ લઈ તેને શોધવા નીકળ્યો હતો.

● ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે શહેરમાં અનોખી ઉત્તેજના પ્રવર્તે છે. ઈન્ફોસીટી કલબ અને આર્ટ લવર્સ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ ઉપરાંત મોટા ભાગની જાણીતી હોટલોમાં પણ ૩૧મી ડિસેમ્બરની ઉજવણીના કાર્યક્રમો યોજાનાર છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

વિસનગરા નાગર પરિવારનું દસમી જાન્યુઆરીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા.૨૩

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૨૨મો સ્નેહમિલન સમારંભ તા. ૧૦મી જાન્યુઆરીના સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હોલમાં બપોરે સાડા ત્રણ વાગે યોજાશે.

સમારંભના પ્રમુખ સ્થાનેથી મહેશભાઈ અંબાલાલ મહેતા સમાજ શ્રેષ્ઠી ઝુંડાલવાળા ઉપસ્થિત રહેશે. સ્નેહ સમારંભમાં પરિવારના સંતાનોને પ્રોત્સાહક ઈનામો અપાશે. ૭૫ વર્ષ પુરા કરનાર વડીલોને તથા વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી હોય તેવા સભ્યોનું સન્માન કરાશે.

આ પ્રસંગે ગાંધીનગર સહિત વિસનગરા નાગર પરિવારને મોટી સંખ્યામાં હાજર રહેવા માટે પ્રમુખશ્રી સુરેશભાઈ મહેતા મહામંત્રી શ્રી મહેશભાઈ રાવલે જણાવેલ છે.

ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૬મી ડીસેમ્બરના રોજ ૬૨૯, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે સાંજે ચાર વાગે યોજાશે તો ગાંધીજનોનો બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે મંત્રીશ્રી સોમાભાઈ પરમારે જણાવેલ છે.

એસ.જી. પ્રાથમિક શાળામાં ક્રિસમસ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં નાતાલ પર્વ નિમિત્તે ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા કેક કાપીને પર્વની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગની

સજાવટ કરવામાં આવી હતી તથા બાળકો દ્વારા ઈશુ ભગવાનના જન્મની તેમજ સુખ શાંતિના સંદેશની ગીત સંગીત-નૃત્ય અભિનય સાથે રજુઆત કરવામાં આવી હતી. બાળકોને દરેક વર્ગમાં કેક આપી પર્વની સુંદર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન તરીકે એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલના આચાર્ય અર્પિતભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાંતા કલોઝ દ્વારા બાળકો અને મહેમાનોનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું.

અવસાન નોંધ

સ્વ. હસમુખલાલ રણછોડલાલ ભટ્ટ (રાજગોર)નું બેસણું તા. ૨૪-૧૨-૨૦૧૫ના રોજ બપોરે ૧ થી ૫ કલાકે ભટ્ટ વાસ, શુભમ સોસાયટી, પેથાપુર-ગાંધીનગર ખાતે રાખેલ છે.

હજુ પણ દબાણ લાગતું હોય તો આખે આખું ઝાડ લઈ જાવ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના દબાણ તંત્ર દ્વારા હાલ ઝુંબેશ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીમાં નગરમાં ઠેક ઠેકાણે બની ગયેલા બિનઅધિકૃત કાચા રહેઠાણો પર તવાઈ આવી છે. આ કારણે હાલની હાડ ધ્રુજાવી નાંખે તેવી ઠંડીની મૌસમમાં પણ તંત્રએ આકરા મિજાજ સાથે સરકારી જમીનો પર બની ગયેલા ઝુંપડાઓને તોડી પાડયાં છે. જો કે આ શ્રમજીવી પરિવારો પોતાની ઝુંપડીવાળી જગ્યા છોડવા માટે તૈયાર નથી. એક વાર દબાણ ખાતાની ઘોંસ ઓછી થઈ જાય એટલે ફરીથી એજ જગ્યાએ વસવાટ કરી શકાય તે હેતુથી પોતાનો માલસામાન પણ નજીકના ઝાડ પર ચઢાવીને રાખે છે. વૃક્ષો ઉપર આખેઆખા ખાટલા સહિત ઘરવખરી ટીંગાડી દેતા ઝુંપડાવાસીઓ કહે છે હજુ પણ જો દબાણ તંત્રને અમે નડતા હોઈએ તો આખે આખુ ઝાડ ઉપાડીને લઈ જાય.

શહેરમાં વર્ષો પહેલાથી રાજકારણીઓના પીઠબળ અને સત્તાધીશોની રહેમ નજર હેઠળ અસંખ્ય દબાણો ફુલી ફાલી નીકળ્યા અને વધતા જ રહ્યા. આમ છતાં વોટ બેંકની ચિંતાએ કોઈ સત્તાધીશે આ દબાણો પર અંકુશ મેળવવાની હિંમત ના દેખાડી બલ્કે ઘણા નેતાઓએ તો મત મેળવવા દબાણોને આડકતરો સહયોગ પણ પુરો પાડયો. આ કારણે સંપૂર્ણપણે

સ્માર્ટ સીટી માટે દબાણ તંત્રની તવાઈ સામે ઝુંપડાવાસીઓની સ્માર્ટનેસ : ખાટલા સહિત ઘરવખરી વૃક્ષો પર ચઢાવી : મોટા ભાડા ખાતા પાકા દબાણો કેમ હટાવાતા નથી તેવા સવાલો સાથે બેવડા ધોરણો પ્રત્યે આક્રોશ

પ્લાનીંગથી વિકસાવાયેલ આધુનિક યુગના ગાંધીનગર શહેરમાં પણ પૌરાણિક નગરીઓ જેવી સાંકડી પોળો અસ્તિત્વમાં આવી ગઈ. સે-૨૪, સે-૨૩, સે-૨૨, સે-૨૯, સે-૭ સહિત નગરના તમામ સેકટરોમાં રહેણાંક માટે ફાળવાયેલા મકાનોમાં મોટા મોટા શોપીંગ સેન્ટરો ઉભા થઈ ગયા અને સરકારી જમીનો પર પણ દબાણો વિકસ્યા, હવે જયારે શહેરને સ્માર્ટસીટી બનાવવા આ જ ગેરકાયદેસર દબાણો હટાવવાનો હાઈકોર્ટે આદેશ આપ્યો તો તમામના પગ તળેથી ધરતી સરકી જવા પામી છે.

જો કે દબાણ તંત્ર દ્વારા સૌ પ્રથમ સોફટ ટાર્ગેટ સમા ઝુંપડાવાસીઓ પર કાર્યવાહી હાથ ધરી છે. પાકા દબાણો હજુ પણ યથાવત હોવાથી ગરીબ ઝુંપડાવાસીઓને અંદરખાને એવું લાગી રહ્યું છે કે દર વખતની જેમ આ માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી છે. વળી તેમની દલીલ એવી પણ છે કે જેમણે પાકા દબાણો કરી ગેરકાયદેસર મિલ્કતના મોટા ભાવ વસુલ્યાં છે અથવા મોટા ભાડાં કમાઈ રહ્યા છે તેમને છોડી તંત્ર અમને જ કેમ હટાવે છે, અમે તો આમ પણ માથા ભારે તત્વોને જગ્યાનું ભાડુ કે હપ્તો ચુકવીને જ રહીએ છીએ. જે દબાણતંત્ર ગરીબ શ્રમજીવીની લારી કે કિટલી હટાવી

રહ્યું છે તેને અનઅધિકૃત રીતે બની ગયેલી દુકાનો, હોટલો, હોસ્પિટલો કે અન્ય કોમર્શિયલ દબાણો કેમ દેખાતા નથી શહેરમાં સાચો માણસ ધંધા કરવા દુકાન કે ઓફિસનું ભાડુ ચુકવે છે જયારે આ દબાણકર્તાઓ મફતના ભાડા વસુલે છે અને મિલ્કતના ભાવ પણ ખાય છે. આવા બેવડા ધોરણો શા માટે અપનાવાય છે?

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં સાહિત્ય પર્વની કરાયેલ ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ચાલતી વિવિધ સહ અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત સાહિત્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ જેનો મુખ્ય હેતુ સાહિત્ય સંસ્કૃતિને ઉજાગર કરવાનો હતો. આ પર્વમાં ધોરણ ૧ થી ૮ ની ૨૭૦ વિદ્યાર્થીનીઓએ પોતાના અભ્યાસક્રમમાં આવતા ભાષા વિષયોને લગતા બાળગીત, અભિનય, નાટક, વેશભૂષા, રાસગરબા સુંદર રીતે રજૂ કરેલ. આ કાર્યક્રમને નિહાળવા સંસ્થાના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ તથા ગોઝારિયા કોલેજના પ્રોફેસર રાજેન્દ્રભાઈ, ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ તથા વાલીશ્રીઓ અને શાળાની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળામાં અભ્યાસ કરતા ભાષા શિક્ષકોએ કરેલ હતું અને તેનું સંચાલન શ્રીમતી ગીતાબેન પટેલે કર્યું હતું. શાળાના આચાર્યશ્રી નીરૂબેન જે. પટેલે કાર્યક્રમને સફળ બનાવના તમામને અભિનંદન પાઠવી ઈદ અને નાતાલની શુભેચ્છા પાઠવી હતી.

બીબીએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે બે દિવસીય ઔદ્યોગિક મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજનાં વિદ્યાર્થીઓની સાતત્ય પૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઇંડસ્ટ્રિયલ વિઝિટ નું આયોજન થઈ રહ્યુ છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રનાં તમામ પાસાઓ સમજવામાં સરળતા રહે છે. સેમેસ્ટર-૪ નાં ૧૨૧ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત અંકુર ઓઈલ ઇંડસ્ટ્રીસ લી.ની મુલાકાત લીધી હતી. અંકુર ઓઈલ ઇંડસ્ટ્રીસ તેમજ અંબર પ્રોટેન ઇંડસ્ટ્રીસ લિમિટેડનું નામ સમગ્ર દેશ માં એક પ્રખ્યાત બ્રાંડ બની ચૂકી છે. જેની સ્થાપના ૧૯૭૮ માં કરવામાં આવી હતી. શ્રીમતી જ્યોતસનાબેન તેમજ પ્રદીપ ખેતાની દ્વારા સ્થાપવામાં આવેલ આ કંપની શરૂઆત માં રોજનાં ફક્ત ૫૦ ટીન નું ઉત્પાદન કરતી કંપની આજે સમગ્ર ભારતમાં વટવૃક્ષ બની ચૂકી છે. છેલ્લા ૩૫ વર્ષ થી ગ્રાહકો અંકુરનાં સિંગ તેલ તેમજ કપાસિયા તેલનું સેવન કરે છે. અહીં અલગ અલગ સિઝન મુજબ સન ફલાવર ઓઈલ તેમજ સોયાબીન ઓઈલનું ઉત્પાદન થાય છે. જયારે સિંગતેલ તેમજ કપાસિયા તેલનું ઉત્પાદન સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. કંપની દ્વારા ગુણવત્તા ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. જેનાથી ગ્રાહકોનો વર્ષોનો વિશ્વાસ જળવાઈ રહે છે.

કંપની તરફ થી વિનોદભાઈ તેમજ ભરતભાઈ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. જેમાં કાચો માલ ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, હરિયાણા સહિતનાં રાજ્યો માંથી મેળવવામાં આવે છે, તેમ જણાવાયુ હતુ. તદ્ઉપરાંત કંપની માં ૨૫૦ ટન તેલિબીયાનો સંગ્રહ એક સાથે અહીં કરી શકાય તેવી વ્યવસ્થા કંપની પાસે છે. તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અહીં ૮ પ્રકારનાં અલગ અલગ સ્ટોરેજ ટેંક આવેલા છે. જે દરરોજ ૧૦ ટ્રક તેલ પંહોચાડે છે. ખાધ્ય તેલ ની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓને ખૂબ સુંદર રીતે સમજાવવામાં આવી હતી. જેમાં તમામ ટેકનિકલ તેમજ અન્ય વેસ્ટેજ માલમાંથી ઓઈલ સાબુ તેમજ અન્ય પ્રૉડક્ટ્સ બનાવવામાં આવે છે. સાથે સાથે પ્રદુષિત પાણીને રીપ્રોસેસ કરી પ્રદુષણ મુક્ત કરવામાં આવે છે. અને ત્યારબાદ બાગ-બગીચામાં તે પાણી છોડવામાં આવે છે. વિઝિટના છેલ્લા તબક્કામાં બીબીએ કૉલેજ નાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કૉલેજ દ્વારા આયોજીત આ વિઝિટ માંથી વિદ્યાર્થીઓ ને ખૂબ ઉપયોગી માહિતી મળવાથી તેઓ પ્રેક્ટિકલ જ્ઞાન નો ઉપયોગ બિજનેસ સ્થાપવા તેમજ અન્ય વ્યાવસાયિક કૌશલ્યનો ઉપયોગ જીવન પર્યંત ઉપયોગી સાબિત થશે તેવો વિશ્વાસ વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પુષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈંચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો.મેથ્યુ જૉન પ્રો.શીતલ પટેલ અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગર સે-૪-એ માં આવેલા બટરફલાય પ્લે ગ્રુપ નર્સરીમાં ક્રીસમસ પ્રસંગે ક્રીસમસ સેલિબ્રેશન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે નાના ભુલકાઓએ શાન્તા કલોઝ અને સીન્ડ્રેલાનો વેશ પરિધાન કરી ઉલ્લાસપૂર્વક નાતાલ પર્વની ઉજવણી કરી હતી.

(તસવીર : કે.કે. કડિયા)

કાતિલ ઠંડીમાં નગરજનો શરદી-ખાંસીના શિકાર

સરકારી અને ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાયાં, તાવ, ગળાની બળતરા અને માથાના દુ:ખાવાની ફરીયાદો

ગાંધીનગર, તા.૨૩

સુસવાટા મારતા ઠંડા પવનોથી નગરમાં ગાત્રો થીજાવતી ઠંડીએ માઝા મુકી છે. આ કાતિલ ઠંડીમાં નગરના અનેક લોકો શરદી-ખાંસી સહિતના રોગોમાં સપડાયા છે. ઘરગથ્થુ ઉપચારો થકી રોગ કાબુમાં ન આવતા આખરે લોકો સરકારી અને ખાનગી દવાખાનાઓના શરણે પહોંચ્યા છે. જેથી દવાખાનાઓ મહત્તમ આવા દર્દીઓથી ઉભરાયા છે. હુંફાળા પાણીનું સેવન અને શરીરને સંપૂર્ણ રીતે ઢાંકેલું રાખવા તબીબો સલાહ આપી રહ્યા છે.

શિયાળો દિન પ્રતિદિન આકરો બનતો જાય છે. કાતિલ ઠંડીએ સૌ કોઈને હચમચાવી મુકયા છે. ઠંડી સામે રક્ષણ મેળવવાના તમામ પ્રયાસો થયા હોવા છતા નગરમાં શરદી ખાંસીના અનેક દર્દીઓ સારવાર માટે સરકારી તેમજ ખાનગી દવાખાનામાં ઉમટી રહ્યા છે. શરદી ખાંસી ઉપરાંત તાવ, ગળાની બળતરા અને માથાના દુ:ખાવાની ફરીયાદો તબીબો સમક્ષ વધી ગઈ છે. ઘરગથ્થુ ઉપચાર જેવા કે નીલગીરીનું તેલ, વિકસ, નાસ લેવો, ગરમા ગરમ આદુ વાળી ચા,

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ઉકાળો તથા અન્ય દેશી પ્રયોગો હાથ ધરવામાં આવેલ હોવા છતાં શરદી-ખાંસીએ કબ્જો જમાવી દીધેલ છે.

સમી સાંજથી હાડ થિજાવતી ઠંડીની જમાવટ થઈ જાય છે. સૌ કોઈ ઘરમાં જ પુરાઈ રહેવાનું હિતાવહ માને છે છતાં કોઈ અગત્યના કારણોસર બહાર જવાનું થાય તેવા પ્રસંગે ઠંડી અસહ્ય લાગે છે. રોગ પ્રતિકારક શકિતની ઉણપ થકી આવા રોગો હાવી થતા હોવાનું તબીબો માને છે. છતાં પણ વૃધ્ધો, બાળકો, મહિલાઓ અને બિમાર વ્યકિતઓ ઠંડીથી વધુ બિમાર પડતા હોવાનું બહાર આવ્યું છે. ગરમ વસ્ત્રો અને ગરમ ખાદ્ય પદાર્થોનું સેવન એ આ ઋતુમાં ઉત્તમ માનવામાં આવ્યું છે. છતાં પણ કાતિલ ઠંડીમાં સત્વરે તબીબોની સલાહ મુજબની સારવાર લેવી જોઈએ તેવું હાલ લાગી રહ્યું છે. જો કે ધંધા-વ્યવસાય અને નોકરી ઉપર જવું તે અનિવાર્ય હોવાથી ઠંડીનો સામનો કરી રક્ષણ સાથે બહાર નીકળવું જોઈએ તેવું પણ તબીબો જણાવી રહ્યા છે. પાટનગરમાં ઠંડીએ અનેક લોકોને રોગના ભરડામાં લઈ લીધા છે ત્યારે સમય સુચકતા મુજબ વર્તવા તબીબોની સલાહ છે.

આલ્મા ટુડે ગ્રુપના ગુજરાત બ્યુરો ચીફ તરીકે અશ્વિનભાઈ ત્રિવેદી

જાણીતા એડવોકેટ અને કાયદાના કોલમીષ્ટ શ્રી અશ્વિન ત્રિવેદીની નિમણૂંક

આલ્મા ટુડે ગ્રુપે ગુજરાતના બ્યરોચીફ તરીકે કરી છે. આલ્ટા ટુડે અને આલ્મા ટાઈમ્સ દિલ્હી તથા ઈન્દોરથી ૧૫ વર્ષથી પ્રકાશીત થતું માસીક છે. જે હાલમાં ૧૬૦ દેશોમાં તેનો ફેલાવો ધરાવે છે તેમજ રાજકીય, સામાજીક, શૈક્ષણિક અને દેશની ગતિવિધિઓની રસપ્રદ માહિતી સાથે હવે કાયદાની જાણકારી પણ પ્રકાશીત કરશે. સુપ્રિમ કોર્ટના એડવોકેટ અને આલ્મા ટુડેના મુખ્ય સંપાદક શ્રી સંતોષ શુક્લાજીએ અશ્વિન ત્રિવેદીની વરણી ગુજરાતના મુખ્ય બ્યુરો ચીફ તરીકે કરતા વકીલ આલમ તથા બ્રહ્મ સમાજમાં આનંદની લાગણી થયેલ છે.

આલ્મા ટુડેના વહીવટી બોર્ડમાં દેશના નામાંકિત રાજકારણીય, ધારાશાસ્ત્રીઓ તથા સામાજીક, શૈક્ષણિક કાર્યકરો, સાહિત્યકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજનીતિક, સામાજીક અને લોકતાંત્રિક મૂલ્યોને આ માસીક પત્રિકા દ્વારા ઉજાગર કરવામાં આવશે.